### તાલુકા કોંગી પ્રમુખ વિપુલ પોકિંયાનો આક્ષેપ

# લ્યો બોલો : અમરેલીના એસ.ટી. પોર્ટમાં શૌચાલયમાં ચાર્જના નિયમ વિરૂધ્ધ ઉઘરાણા

## વિભાગીય નિયામકે ચાર્જ નહી વસુલાય તેવી ખાત્રી આપી

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં જનતા જનાર્દનના પરસેવાન પૈસાથી બનેલ એસ.ટી. બસ પોર્ટમાં આવેલ શૌચાલયમાં શરૂઆતથી જ ચાર્જ વસુલાતો હોય અને આ ચાર્જ નિયમ વિરૂધ્ધ ઉઘરાવતો હોવાની ફરિયાદ ઉભી થઈ છે.



આ અંગે અમરેલી તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ વિપુલ પોંકિયાને અવાર – નવાર શૌચાલયના ઉપયોગ બદલ કોઈ એજન્સી દ્વારા ફી વસુલાતની મૌખિક ફરિયાદો મળતા અમરેલી વિભાગીય નિયામક અને ડેપો મેનેજર સાથે ટેલીફોનીક વાત કરતા ફરિયાદ કરી સાથે આ બાબતે લેખિત કોઈ એવો સરકારનો પરિપત્ર નથી કે ડેપોમાં શૌચાલયના ઉપયોગ બદલ કોઈ ફી ઉઘરાવી શકાય, અંતે વિભાગીય નિયામક દ્વારા ખાત્રી આપવામાં આવી છે અને એજન્સીને લેખિત નોટિસ આપી જાણ કરી દેવામાં આવશે અને ભવિષ્યમાં આવી કોઈ ફી નહિ વસુલાયા એવી ખાતરી આપી છે.

### પાલિકાના શાસકો રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડે

# જાફરાબાદ શહેરમાં રખડતા આખલાઓ વચ્ચે ખેલાતા યુદ્ધથી શહેરીજનો પરેશાન

## શહેરીજનો અવાર–નવાર અકસ્માતનો ભોગ બને છે

જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદ શહેરના બ્રિજ ઉપર તથા રોડ રસ્તાઓ ઉપર ચોમાસું આવતાની સાથે જેમ કાદવમાંથી દેડકાઓ બહાર નીકળી આવે છે એમ રસ્તાઓ પર રખડતાં ઢોર પણ આવી ચઢે છે. જે વાસ્તવિકમાં પાલતુ હોવા છતાં એમને આ રીતે જાહેર માર્ગ પર છોડી દેવામાં આવે છે. જેનો જોખ જાહેર જનતાને બનવુ પડે રહે છે. દિવસ તો ઠીક રાત્રે અંધકારમાં જયારે આ રેઢિયાળ ઢોરો રસ્તાઓ પર અડિંગો જમાવીને બેઠેલા હોય ત્યારે વાહનો સાથે ભટકાતા ગંભીર અકસ્માત નોતરે છે. જેને લઈ કેટલાય પરિવારમાં ગમગીની છવાઈ જાય છે. જાફરાબાદ નગરપાલિકા દ્વારા આવા રખડતાં ઢોરોને પકડવાની કામગીરી કયારેય કરવામાં આવી નથી જાણકારો મુજબ જાણવા મળ્યું કે પકડાયેલા ઢોર રાત્રે છોડી દેવામાં આવે છે.એટલે સમસ્યા અહીંથી ત્યાં શિફટ કરવામાં આવે છે. અનેક નિયમો અને કાયદાઓ આ પ્રશ્ને બનવવામાં આવ્યા છે. પણ એના અમલીકરણ કે અમલ કરાવવાની તાકાત આપણા તંત્રમાં દેખાતી નથી જેને કારણે જાહેર જનતા ભોગ બની રહી છે. આ બાબતે પાલિકા શું કાર્યવાહી કરે છે..? નવા બ્રિજ ઉપર પશુઓ મોટું અકસ્માત સર્જાય તેવી રીતે રોડ રસ્તાઓ ઉપર બેઠેલા આખલાઓ શહેરમાં રોડ રસ્તા ઉપર તથા રહેણાંક વિસ્તારોમાં આંટા ફેરા મારતા હોવાથી અને ધમધમતા ટ્રાફિકમાં અકસ્માત નોતરે તેવી ભિતી સિનિયર સિટીઝન ઉપર પણ આખલાઓ દ્વારા હુમલા કરવામાં આવ્યા છે. પશુઓના



અડિંગાથી નિર્દોષ ભોગ લેવાય તે પહેલાં પાલિકા તંત્ર જાગે અને રોડ રસ્તા નવા બ્રિજ ઉપર પશુઓને દુર કરવામાં આવે તેવી કાર્યવાહી કરવામાં આવે શહેરના ઠેર–ઠેર રેઢિયાળ પશુઓનો અડિંગો હોવાનાં કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતાં હોય અને અવાર–નવાર અકસ્માતો થતા હોવાથી માર્ગો ઉપરથી પશુઓનો ત્રાસ દૂર કરવો જરૂરી બન્યો છે. જાફરાબાદ શહેરના અનેક રોડ રસ્તાઓ ભરચક્ક વિસ્તારમાં તથા મચ્છી માર્કેટમાં બજારમાં શાકભાજી માર્કેટમાં અને સુપરમાર્કેટ કે જયાં ભીડભાડ વાળા વિસ્તારમાં પર પશુઓના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આખલા યુદ્ધમાં નિર્દોષ લોકો અડફેટે ચઢે છે.જેના કારણે સારવાર લેવાની લોકોને ફરજ પડી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર પશુઓના અસહ્ય ત્રાસના કારણે રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા હોવા છતાં પણ તંત્રના પેટનું પાણી હાલતું નથી હાલમા બજારમાં માર્કેટમાં ખરીદી કરતા ગ્રાહકોને આખલાઓ ચલતા ચલતા માથું મારતાં જતા હોય છે. પરંતુ જવાબદાર તંત્ર ઘોર બેદરકાર બન્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં રાત્રીના સમય દરમિયાન રસ્તાઓ પર પશુઓનો અડિંગો રહેશે તો વાહન ચાલકો માટે ખૂબજ વિકટ સ્થિતિનું નિર્માણ થશે આ તમામ બાબતોને પ્રયાને લેવામાં તંત્ર ઘોર બેદરકાર બન્યું છે. છેલ્લા ઘણા સમયથી તંત્ર રેઢિયાળ પશુઓનો અડિંગો માર્ગો પરથી હટાવવા નક્કર કાર્યવાહી કરતું નથી શહેરની નગરપાલિકાનું તંત્ર હોય કે નેશનલ હાઈ – વે ઓથોરિટીનું તંત્ર હોય રેઢિયાળ પશુઓના મુદ્દે નક્કર કાર્યવાહી કરતું નથી જવાબદાર તંત્ર બેલગામ બન્યું હોવાથી આમ જનતા ભોગ બની રહી છે. રખડતા ઢોરોનો અડ્ડો સમી સાંજે વાહન વ્યવહાર ચાલુ હોય રસ્તા ઉપર અડિંગો જમાવી બેઠા રખડતા ઢોરો દેખાય જાય છે.પરંતુ રાત્રીના સમયે રોડ ઉપર બેઠેલા ઢોરોના લીધે અકસ્માત સર્જાવાની સંભાવનાઓ ખુબજ વધી જતી હોય જેમાં અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. અનેક લોકો કાયમી ખોડખાંપણનો ભોગ બન્યા છે. ત્યારે જાફરાબાદ નગરપાલિકા મૂક દર્શકની ભૂમિકા જોવા મળી રહી છે. રખડતા ઢોરોના કારણે અકસ્માતોથી રહ્યા છે. ત્યારે જાફરાબાદ નગરપાલિકાની કુંભકર્ણ ની નિંદ્રામાં કોઈ ખલેલ નથી પડી રહી..??.

### દિવસ–રાત શ્રમ કરતાં હોય મદદ આપવી જરૂરી

# બાબરા : અતિવૃષ્ટિનાં રાહત પેકેજમાં ભાગ્યુ રાખનાર આદિવાસી શ્રમિકોની અવગણના

## આદિવાસી પરિવારે મામલતદાર સમક્ષ ન્યાય માંગ્યો

અમરેલી, તા. ૨૩

ગુજરાતમાં તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિએ ખેતી પાકોને વ્યાપક નુકસાન પહોંચાડયું છે, ત્યારે ખેતરોમાં ભાગિયા તરીકે રાત–દિવસ મજૂરી કરનારા હજારો આદિવાસી પરિવારોની હાલત અત્યંત કફોડી બની છે. આ મુદ્દે બાબરામાં 'આદિવાસી પરિવાર સંગઠન દ્વારા રાજયના મુખ્યમંત્રીને બાબરા મામલતદાર મારફતે રજૂઆત કરવામાં આવી છે અને આવેદનપત્ર આપ્યું હતું જેમાં તેઓએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા જાહેર કરાયેલા ૧૦,૦૦૦ કરોડના રાહત પેકેજમાં ખેતરના અસલી શ્રમિક એવા ભાગિયા મજૂરોને પણ સામેલ કરવામાં આવે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી પલાયન કરીને આવતા આ આદિવાસી પરિવારો માત્ર પાકના હિસ્સા પર જીવતા હોય છે, પરંતુ પાક નિષ્ફળ જતાં ખેડૂતોને વળતર મળે છે જયારે મહેનત કરનાર મજૂરના હાથ ખાલી રહે છે. સંગઠને માંગ કરી છે કે સરકારે ભાગિયા મજૂરોનો અલગથી સર્વે કરી તેમને સીધું વળતર આપવું જોઈએ જેથી તેઓ દેવાના ડુંગર નીચે દબાય નહીં.

આ રજૂઆતમાં મજૂરો સાથે થતા ગંભીર શોષણનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. ખેડૂતો દ્વારા એડવાન્સ કરજના નામે મજૂરોને બંધુઆ મજૂર જેવી સ્થિતિમાં રાખવામાં આવે છે અને કરજ ન ચૂકવી શકે તો તેમને બળજબરીથી બાંધકામ મજૂરીમાં ધકેલવામાં આવે છે, જે માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. આ ઉપરાંત, ભાગિયા મહિલા મજૂરો સાથે થતા યેન શોષણના કિસ્સાઓમાં તાત્કાલિક કડક કાયદાકીય કાર્યવાહી કરવાની અને પીડિતોને સુરક્ષા આપવાની માંગ કરાઈ છે. ખેતીના વહીવટમાં પારદર્શિતાનો અભાવ હોવાથી પાકના વેચાણ અને હિસ્સામાં પણ મજૂરોને અન્યાય થઈ રહ્યો છે. સરકારે આ મજૂરો માટે ખેતરોમાં પીવાનું પાણી, વીજળી, આવાસ અને આરોગ્ય જેવી પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવી જોઈએ અને અકસ્માતના કિસ્સામાં વળતરની માંગ કરી છે.

### ગ્રામ્ય મુસાફરોનાં હિતમાં

# સતાધાર–મહુવા રૂટની મહત્ત્વની બસ પુનઃ શરૂ કરો

## એસ.ટી.નાં અધિકારીઓ યોગ્ય કરે

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા ડેપાની એસ.ટી. બસ સતાધાર મહુવા બે મહિનાથી બંધ હોવાથી લોકોને હાલાકી ભોગવવી પડે છે, વિદ્યાર્થીઓ, બીમાર દર્દીઓ, વૃધ્ધો, એસટીને સારી ઈન્કમ દેતી સતાધાર મહુવા બંધ કરી દેવામાં આવી છે રૂટના ગામડાઓ જેવા કે ખાંભા, ડેડાણ, નાગેશ્રી, હિંડોળા, રાજુલા, વિક્ટર, નિંગાળા, વિસળીયા, દાતડી, માઢીયા, ન મહુવા આ રૂટ ના લોકો બસ શરૂ કરવા માંગણી કરી રહ્યા છે તો વહેલાસર બસ શરૂ થાય તેવી લોકોની માંગણી છે.

# બાબરાના દાનેવનગર ખાતે સોનલ બીજની આસ્થાભેર ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા,તા. ૨૩

બાબરામાં ચારણ જગદંબા સોનલ માતાજી (મઢડા)ની બિજ હોવાથી બાબરાના યુવાનો દ્વારા બટુક ભોજન તથા પુસ્તક વિતરણનો કાર્યક્રમ રાખેલ હતો.

જેમા હરેશભાઈ ગઢવી, સત્યજીતભાઈ વાળા, મૌલિકભાઈ તેરૈયા, રવીભાઈ બસીયા તથા મીત્રમંડળ દ્વારા માતાજીની આરાધના કરી ભગીરથ કાર્ય કરેલ હતું.

# અમરેલીમાં એએચપી દ્વારા હિન્દુ હી આગે સંમેલન યોજાશે



અમરેલી, તા. ૨૩

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રીય મજદૂર પરીષદ ઈન્ડિયા હેલ્થ લાઈન રાષ્ટ્રીય છાત્ર પરીષદ વિવિધ આયામોની અમરેલી જિલ્લા બેઠક તા ૨૧/૧૨/૨૦૨૫ રવિવારે યોજાયેલી હતી જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષમાં ડો. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત ઈન્ડિયન હેલ્થ લાઈન પ્રમુખ દેસાણી, સૌરાષ્ટ્ર પ્રાંત મજુર પરીષદ પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય છાત્ર પરીષદ પ્રાંત મંત્રી મજબૂતભાઈ બસીયા વિભાગ અધ્યક્ષ, દડુભાઈ ખાચર, મનસુખભાઈ રૈયાણી, અમરેલી જિલ્લા પ્રમુખ જીલુભાઈ વાળા, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ મહામંત્રી મહેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય બજરંગ દળ અધ્યક્ષમાં દિલીપભાઈ બામટા, કાર્યકારી પ્રમુખ જીગ્નેશભાઈ કયાડા, નિલેશભાઈ સોલંકી, અમરેલી એસટી યુનિયન પ્રમુખ સંજયભાઈ પોપટ, વિપુલભાઈ ગજેરા, બાલમુકુન્દભાઈ બાબુભાઈ, બામટા રાષ્ટ્રીય બજરંગદળ જિલ્લા મંત્રી હિતેશભાઈ જોષી, કિશોરભાઈમહેતા, ડો. ચંદ્રેશ ખુંટ, ડો. હરેશભાઈ યાદવ, ડો. હરેશભાઈ વઘાસીયા, ડો. ગોંડલીયા એચ. કે, વિગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સંગઠન મજબૂત બનાવશે અને હનુમાન ચાલીસા નવા ખોલવા માટે પ્રયત્ન કરવામાં આવે છે હિન્દુરક્ષા નિધીની યોજના બનાવી હતી આગામી દિવસોમાં હિન્દુ હી આગે સંમેલન યોજાશે.

### રત્ન કલાકાર તરીકે કામગીરી કરતાં

# અમરેલી ખાતે દાડમાનાં યુવક ઉપર છરી વડે હુમલો થતાં ચકચાર

## ગાવડકાનાં યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૩

લીલીયા તાલુકાનાં દાડમાં ગામે રહેતા આણંદભાઈ દેહાભાઈ સારીખડા (પરમાર)ના દીકરા જીગ્નેશભાઈ આણંદભાઈ સારીખડા (પરમાર) નામનાં ૩૦ વર્ષિય યુવકને એકદા વર્ષ પહેલા ગત તા. ૧૯/૧૨/૨૪નાં રોજ અમરેલી તાલુકાનાં ગાવડકા ગામે રહેતા આરોપી મેહુલભાઈ ખોડાભાઈ હેલૈયા સાથે ઝઘડો થયેલ હોય. જે બનાવમાં જે તે સમયે આરોપી મેહુલભાઈને ઈજા થયેલ હોય તે બનાવનું મનદુઃખ રાખી આજે બપોરનાં સમયે યુવકને મોટર સાયકલ લઈ અને અમરેલી આવતા હતા ત્યારે લીલીયા બાયપાસ ખાતે આરોપીએ યુવકને ઉભા રખાવી અમરેલી લેતો જા તેમ કહી યુવકના મોટર સાયકલની પાછળ બેસી જતાં હતા. ત્યારે અમરેલીનાં ચકકરગઢ રોડ ઉપર બીનહરીફ દાબેલી સામે રોડ પર પહોંચતા આરોપીએ યુવકને



પાછળથી એક હાથે ગળુ પકડી બીજા હાથે છરી કાઢી છરીનો એક ઘા યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે ગળા પર મારી દેતા યુવક પડી જતા યુવકે આરોપીથી બચવા કારખાના તરફ દોડવા લાગતા આરોપીએ યુવકની પાછળ જઈ યુવકને પેટના ભાગે છરી મારવા જતાં યુવકે ડાબા હાથે બચાવ કરતા ડાબા હાથે છરી વાગી ગયેલ અને બીજો છરીનો ઘા આરોપીએ યુવકને પડખાના ભાગે પેટના ઉપરના ભાગે છાતીમાં મારી દિધેલ હતા અને યુવક કારખાનામાંથી ભાગેલ અને આરોપી છરી લઈને મારવા દોડતા યુવકે છરી પકડવા જતા બંને હાથમાં ઈજા થયેલ હતી. આમ આરોપીએ ઈજા પામનાર યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે ૬ જેટલા છરીના ઘા મારી યુવકને મરણતોલ ઈજા કરતાં યુવકને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે. આ બનાવમાં યુવકનાં પિતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### હાથસણી રોડ વિસ્તારમાં આવેલ

# સાવરકુંડલાનાં રહેણાંક મકાનમાં ગેસ સીલીન્ડરમાં આગ લાગતા અફડાતફડી

## મકાન માલીકને સામાન્ય ઈજા પહોંચી



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલાનાં હાથસણી રોડ ઉપર આવેલ રહેણાંક વિસ્તારમાં ગેસ સલીન્ડરમાં આગ લાગતાં મકાન માલીક ચંદ્રકાંતભાઈ જોષીને સામાન્ય ઈજા પહોંચીહતી.

બનાવની જાણ ફાયર ટીમને કરાતાં ગણતરીની મિનિટોમાં આગ બુઝાદી દેવામાં આવી હતી. આગની ઘટના બનતાં શહેરીજનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.

### પંચાયત મંત્રી ઋષિકેશ પટેલ સમક્ષ માંગ


# બિનખેતી થયા વિનાના ગ્રામ્ય વિસ્તારોમાં પાકા માર્ગો સહિતની સુવિધા આપવા માંગ

## દેવભૂમિ દેવળીયાનાં સરપંચે પત્ર પાઠવી રજુઆત કરી

અમરેલી, તા. ૨૩

દેવભૂમિ દેવળીયા ગામના સરપંચ ભાવનાબેન સુખડીયાનાં પ્રતિનિધિ નાથાલાલ સુખડીયાએ ઉર્જામંત્રી કૌશિક વેકરિયા સાથે પંચાયત મંત્રી ઋષિકેશ પટેલને લેખીત પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગ્રામ પંચાયત વિસ્તારમાં બિનખેતી થયા વિના અને આકારણીમાં નોંધાયેલ બાંધકામ, સોસાયટીઓમાં પાકા રસ્તાઓની સુવિધાઓ આપવા અંગે તાલુકા અને જિલ્લા કક્ષાએ વખતો વખત રજુઆતો કરવા છતાં યોગ્ય નિરાકરણ આપવામાં આવતું ન હોઈ જેના કારણે આવા વિસ્તારોના લોકોને પ્રાથમિક સુવિધાઓ જેવી કે, પીવાના પાણીની લાઈનો ગટર લાઈનો અને પાકા રસ્તાઓની સુવિધા અમો પંચાયત આ અસ્પષ્ટ બાબતના કારણે સુવિધા આપી શકતા નથી. ખરેખર આવા તમામ બાંધકામો જે કે બિનખેતી થયા વિના ગ્રામ્ય વિસ્તારોમાં સોસાયટી બંધાયેલ છે. તે ૨૦ થી ૪૦ વર્ષથી પંચાયતને વેરો નિયમ મુજબ ભરતા રહેલ હોય આવા વિસ્તારોને સરકારે નિર્ણય કરી બાંધકામ રેગ્યુલાઈઝ કરી રોડ રસ્તાની



સુવિધાઓ આપવા માટે સત્વરે કાર્યવાહી કરી આવા આઈસોલેટડે એરીયાને ભૌતિક સુવિધાઓ આપવા સત્વરે કાર્યવાહી કરવા એક કમિટી બનાવી કે જેમાં પાંચ અલગ અલગ વિસ્તારનાં ધારાસભ્યઓ અને મંત્રીઓની સાથે વિસ્તૃત જાણકારી મેળવી તાત્કાલિક આ સમસ્યાનું નિવારણ માટે સરકાર દ્વારા સકારાત્મક નિર્ણય કરવા ખાત્રી આપી હતી સરકાર દ્વારા રજુઆત મુજબ નિર્ણય થતાં રાજયભરની ગ્રામ પંચાયતના આઈસોલેટેડ એરીયા નિયમબધ્ધ થતાં ભૌતિક સુવિધાઓ જેવી કે પાણીની પાઈપ લાઈન, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ સેવા અને પાકા રસ્તાની સુવિધા ઉપલબ્ધ કરી શકાશે અને ગામતળ વિસ્તાર વ્યાપ વધારવા માટે ખુબ આવકાર્ય સરકાર તરફથી ઐતિહાસિક પગલું ગણાશે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાનો ચોંકાવનારો આક્ષેપ

# અરવલ્લીની ગીરીમાળાનો ૯૦ ટકા હિસ્સો ખનન માફિયાઓ લૂંટી જશે

**ગિફ્ટ સિટીમાં અન્ય રાજ્યોનાં પ્રવાસીઓને દારૂની છૂટ એ રાજ્યમાં દારૂબંધીનો કાયદો નબળો પાડવાનો કારસો**

**દારૂબંધીનો કાયદો હોવા છતાં પીવાનું પાણી નથી મળતુ પણ દારૂની રેલમછેલ થાય છે**

**અમૂલ દૂધ સંઘોમાં નોકરી અને કોન્ટ્રાક્ટમાં ચાલતો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડીશુ**

**સરકાર ગરીબોનાં ઘર પર બુલડોઝર ફેરવે છે પણ ૨૦૨૭માં ભાજપ ઉપર જનતાનું બુલડોઝર ફરી વળશે**



અમદાવાદ, તા. ૨૩

કોંગ્રેસની જન આક્રોશ યાત્રાના ચોથા દિવસની શરૂઆત કણઝરી ગામથી શરૂ કરવામાં આવી. ત્યારબાદ યાત્રા બોરીયાવી, લાંભવેલ, આણંદ શહેર, વલ્લભ વિદ્યાનગર, કરમસદ, વલાસણ, ઢેબાકૂવા, બાંધણી, સોજીત્રા, તારાપુર, સાયમા, કાણીસા, ઉદેલ, કલમસર, ડાલી ચોકડી, અમીયાદ, કઠાણા માર્ગે બોરસદ તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકો દ્વારા ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત અને જાહેરસભાઓમાં જનસમર્થન જોવા મળ્યું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડોકટર તુષાર ચૌધરી સહિતના નેતાઓએ જાહેર સભાઓના માધ્યમથી લોકોના આક્રોશને વાચા આપી હતી.

વધુમાં જણાવ્યું હતું કે, જન આક્રોશ યાત્રાના પહેલા દિવસથી આખા ગુજરાતની એક-એક મહિલાઓ દર્દ સાથે, પીડા સાથે, આક્રોશ સાથે કહી રહી છે કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો છે, પીવાનું પાણી નથી મળતું પણ દારૂની રેલમછેલ થાય છે.

બુટલેગરો દારૂ અને ડ્રગ્સના હપ્તા ગાંધીનગરમાં પહોંચાડે છે એના કારણે એનો કોઈ વાળ પણ વાંકો કરી શકતા નથી. આજે એક બાજુ સરકાર પાછલા બારણે દારૂબંધીના કાયદાને નબળો પાડી રહી છે. ગિફ્ટ સિટીમાં બીજા કોઈપણ રાજયનો, બીજા કોઈપણ દેશનો માણસ કોઈપણ જાતની મંજૂરી વગર દારૂ ખરીદી શકશે, દારૂ પી શકશે, દારૂનું વહન કરી શકશે એવી છૂટ આપે છે અને બીજી બાજુ આજે તમે જોયું હોય તો દેશના ગૃહમંત્રી અમિત શાહના મતક્ષેત્રમાં સાણંદમાં એક વાહન પલટી ખાય છે, એમાં આખું દારૂની રેલમછેલ થાય છે. દારૂની પેટીઓ ભરેલું આખું વાહન બોર્ડર ક્રોસ કરીને સાણંદ સુધી, ગૃહમંત્રીના પોતાના ક્ષેત્ર સુધી પહોંચે છે પણ આ ભાજપની ડબલ એન્જિનની સરકારની પોલીસ, એના પેલા સંસ્કારી ગૃહમંત્રીને ખ્યાલ નથી આવતો.

જયારે વાહન પલટી થાય છે ત્યારે આખી દુનિયા જોવે છે કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો ખાલી કાગળ પર છે, દારૂની રેલમછેલ ગલીએ ગલીએ છે. હપ્તા રાજને કારણે યુવાધન બરબાદ થઈ રહ્યું છે. ગૃહમંત્રી અમિતભાઈ શાહને જો થોડી પણ શરમ હોય, થોડી પણ એમને ગુજરાતના યુવાનોની ચિંતા હોય, થોડી પણ ગુજરાતની બહેન-દીકરીઓની ચિંતા હોય તો આ એમની સરકારની હપ્તાખોરી પર કંટ્રોલ લાવે. આ દારૂની રેલમછેલ ગૃહમંત્રીના વિસ્તારમાં આજે આખી દુનિયા જોઈ રહી છે.

પ્રદેશ પ્રમુખે જણાવ્યું હતું કે, અરવલ્લીની ગીરીમાળા એ કોઈ ખાલી પર્વત નથી. દિલ્હી એનસીઆરથી શરૂ કરીને ગુજરાત સુધી આખી જે ગીરીમાળા છે એ સદીઓથી આ પ્રકૃતિનું જતન કરે છે. જમીનમાં જે પાણી રિચાર્જ થાય છે એનો મુખ્ય સ્ત્રોત છે, પર્યાવરણને જાળવે છે, અનેક લોકોની જિંદગીઓને ખુશહાલ કરવાનું કામ આ પવિત્ર ગીરીમાળાના માધ્યમથી થયું છે.

લોકોની ધાર્મિક આસ્થા જોડાયેલી છે. જળ, જંગલ અને જમીનના મૂળ નિવાસી આદિવાસી સમાજે તેનું જતન કર્યુ છે અને આજે સરકાર મુટ્ઠીભર મૂડીપતિઓ માટે, તેમના માનીતા ઉદ્યોગપતિઓને કમાવવા માટે, બેફામ રીતે ખનન કરી શકાય, કુદરતી સંપત્તિની લૂંટ ચલાવી શકાય એટલા માટે કયાંક કોર્ટોમાં સરકારના રિપોર્ટના આધારે જે તેની ડેફિનેશન (વ્યાખ્યા) બદલાઈ છે, જે ઉંચાઈના ધોરણો બદલાયા છે તેના કારણે જો નામદાર કોર્ટ એ નિર્ણય પાછો નહીં ખેંચે, એમાં સરકાર પોતે આગળ વધીને નિર્ણય પાછો નહીં ખેંચાવે તો પ્રકૃતિ નાશ થઈ જવાની છે.

અરવલ્લીની ગીરીમાળાનો ૯૦ ટકા હિસ્સો આ મૂડીપતિઓ અને ખનન માફિયાઓ લૂંટીને લઈ જવાના છે. ત્યારે તેની સામે કોંગ્રેસ પાર્ટી સખત શબ્દોમાં તેનો વિરોધ કરીએ છીએ. આવતીકાલથી કોંગ્રેસ પાર્ટી તમામ જે અરવલ્લી અમારો જિલ્લો છે, સાબરકાંઠા જિલ્લો છે, બનાસકાંઠા જિલ્લો છે એ વિસ્તારમાં 'અરવલ્લી બચાવો' અભિયાનની અમે શરૂઆત કરવા જઈ રહ્યા છીએ.

આ સરકારને પણ ચેતવણી આપવા માંગીએ છીએ કે તમારા મૂડીપતિ મિત્રો, તમારા માનીતા ઉદ્યોગપતિઓને લાભ કરાવવા માટે આ પ્રકૃતિને લૂંટવાનું બંધ કરો. જો નહીં કરો તો જનતા રસ્તા પર ઉતરી અને નેપાળ જેવી સ્થિતિ ગુજરાત અને દેશમાં થતા પણ વાર નહીં લાગે. હવે આ લૂંટ, આ લોકોને અન્યાય અને અત્યાચારની સીમા આવી ગઈ છે ત્યારે લોકોનો ગુસ્સો જે દેખાઈ રહ્યો છે એમાં કોંગ્રેસ પાર્ટીનો એક-એક કાર્યકર અરવલ્લી બચાવવાના અભિયાનમાં છેલ્લી નિર્ણાયક લડાઈ લડવા માટે તૈયાર છે.

સહકારી સંસ્થાઓમાં મોટાપાયે ગેરવહીવટ ચાલે છે ભાજપ અને એમના મળતિયાઓ ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે સરકારી નોકરીઓમાં તો ગેરરીતિઓ થાય છે જે જગજાહેર છે પણ સહકારી સંસ્થાઓમાં પણ પૈસા લઈને નોકરીઓ આપવામાં આવે છે. આણંદમાં જ અમૂલ જેવી સંસ્થામાં જનતા ખુદ કહે છે કે નોકરી માટે ૩૫ લાખ રૂપિયાનો ભાવ ચાલે છે. વધુમાં આ નિર્દયી સરકાર ગરીબોના ઘર પર બુલડોઝર ફેરવે છે પણ ૨૦૨૭માં ગુજરાતની જનતાનું બુલડોઝર આ ભાજપના એક એક કમલમના કાર્યાલય પર ફરવાનું છે અને જનતા ભ્રષ્ટાચારના પૈસાથી બનેલા કમલમના કાર્યાલયોનો હિસાબ કરશે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જન આક્રોશ યાત્રા દરમિયાન ભાજપ સરકાર પર ગંભીર આરોપ લગાવતા જણાવ્યું કે, "કોંગ્રેસે ૬૦ વર્ષમાં શું કર્યુ ?" એવો પ્રશ્ન પૂછનાર ભાજપ સરકારે છેલ્લા વર્ષોમાં ગુજરાતની કુદરત, જમીન અને લોકો સાથે શું કર્યુ છે તેનો જવાબ આપવો જોઈએ.

ડો. ચૌધરીએ જણાવ્યું કે, કોંગ્રેસના શાસનમાં ઊભા કરાયેલા જાહેર સાહસો આજે પણ નફાકારક હોવા છતાં સરકાર તેને પોતાના મનપસંદ ઉદ્યોગપતિઓને સોંપી રહી છે. ગાયોના ગૌચરો વેચાયા બાદ હવે અરવલ્લી જેવી ઐતિહાસિક પર્વતમાળાને પણ ઉદ્યોગપતિઓ સાથે સોદાની દષ્ટિએ જોવામાં આવી રહી છે, જે ગુજરાતના પર્યાવરણ અને આદિવાસી સમાજ માટે અત્યંત ગંભીર ખતરો છે.

તેમણે કહ્યું કે અરવલ્લી પર્વતમાળા માત્ર પહાડોની શ્રેણી નથી, પરંતુ ઉત્તર અને મધ્ય ગુજરાત માટે ભૂગર્ભ જળને પુનઃ ભરતી કુદરતી પ્રણાલી છે. અરવલ્લી પર અંધાધૂંધ ખનન અને ઉદ્યોગીકરણથી વરસાદી પાણીનો સંગ્રહ નાશ પામશે, જેના કારણે પીવાના પાણી અને ખેતી માટે ભવિષ્યમાં ગંભીર સંકટ ઊભું થશે.

ડો. ચૌધરીએ ચેતવણી આપતા જણાવ્યું કે, અરવલ્લીના જંગલો નષ્ટ થવાથી એક તરફ પૂર અને બીજી તરફ દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાશે. આ ઉપરાંત અરવલ્લી ધૂળ અને રેતી અટકાવતી કુદરતી દીવાલ હોવાથી, તેનું વિનાશ થવાથી હવાના પ્રદૂષણમાં પણ ભારે વધારો થશે.

આદિવાસી હકોના મુદ્દે તેમણે જણાવ્યું કે અરવલ્લી વિસ્તારના જંગલો, જમીન અને પાણી આદિવાસી સમાજના જીવનનો આધાર છે. વિકાસના નામે ઉદ્યોગો માટે જમીન અપાતા આદિવાસી પરિવારોને બળ જબરીથી સ્થળાંતરિત કરવામાં આવી રહ્યા છે, જે બંધારણીય હકો અને વન અધિકાર કાયદાનું ખુલ્લું ઉલ્લંઘન છે. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર પર્યાવરણ મંજૂરીઓને માત્ર કાગળ પર પૂરતી રાખી રહી છે. જમીન પર વાસ્તવિક પર્યાવરણીય અને સામાજિક અસરના અભ્યાસ વિના ખનન અને ઉદ્યોગોને મંજૂરી આપવામાં આવી રહી છે, જે આવનારી પેઢી સાથે દ્રોહ સમાન છે.

કોંગ્રેસ સરકારના સમયની યાદ અપાવતા ડો. ચૌધરીએ જણાવ્યું કે, ૧૯૮૦ના દાયકામાં માધવસિંહ સોલંકી દ્વારા લાવવામાં આવેલી મધ્યાહન ભોજન યોજનાએ ગરીબ અને વંચિત સમાજમાં શૈક્ષણિક ક્રાંતિ લાવી હતી. તેવી જ રીતે અમરસિંહ ચૌધરીના કાર્યકાળમાં ખેડૂતોને વીજળીમાં મોટી રાહત આપવામાં આવી હતી. કોંગ્રેસે હંમેશા માનવી, સમાજ અને કુદરતને કેન્દ્રમાં રાખીને વિકાસ કર્યો છે.

અંતમાં ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું કે, વિકાસ એવો હોવો જોઈએ કે જે પર્યાવરણ બચાવે, આદિવાસી હકોનું રક્ષણ કરે અને આવનારી પેઢીને શુદ્ધ હવા, પાણી અને જમીન આપે. "અરવલ્લી બચાવો એટલે ગુજરાત બચાવો" એમ કહેતાં તેમણે જનતાને જાગૃત બનવા અને પરિવર્તન માટે તૈયાર થવા અપીલ કરી.

ઉપરોકત જન આક્રોશ યાત્રામાં એઆઈસીસીના મંત્રી અને સંગઠન પ્રભારી રામકિશન ઓઝાજી, પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર, ભીખાભાઈ રબારી, લાખાભાઈ ભરવાડ, એઆઈસીસી મંત્રી પલકબેન વર્મા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ નટવરસિંહ મહીડા, આણંદ જિલ્લા પ્રમુખ અલ્પેશભાઈ પઢિયાર, આણંદ શહેર પ્રમુખ મહેશ સોલંકી, આગેવાન યુનુસભાઈ મુખી, ડો. પ્રકાશ પરમાર, વિનુભાઈ સોલંકી, આણંદ જિલ્લા મહિલા પ્રમુખ શ્રીમતી રજનીકુમારી ભૃગુરાજસિંહ ચૌહાણ, ડો. ઈરફાન રાઠોડ, મંગળસિંહ સોલંકી સહિતના આગેવાનો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૮૨૭






















# સુરત ખાતે સાસંદ રૂપાલાનાં અધ્યક્ષસ્થાને શિક્ષકોનો અભિવાદન સમારોહ યોજાયો




સુરત ખાતે પરશોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને ઉત્કર્ષ ટ્રૂસ્ટ સુરત દ્વારા ગુજરાત રાજયના પ્રેરક કામગીરી કરનાર શિક્ષકોનો અભિવાદન એવોર્ડ સમારોહ યોજાયો સુરત ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા મનોરથ પાર્ટી પ્લોટ ખાતે ટ્રસ્ટના પ્રમુખ લાલાવદરના વતની એવા (રોડ કોન્ટ્રાક્ટર) મુકેશભાઈ ધામેલીયા દ્વારા ગુજરાત ભરના જે આવતી પેઢી (વિદ્યાર્થી બાળકો) માટે ખરેખર પ્રેરક પેરણા દાયક સારી કામગીરી કરે છે તેવા ગુજરાતભરમાંથી શિક્ષકોને પસંદ કરી શિક્ષકોનો અભિવાદન એવોર્ડ સમારંભ પુર્વ કેન્દ્રીય કેબિનેટ મંત્રી-વ-સંસદસભ્ય પરશોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમા વિવિધ ક્ષેત્રમા સંકળાયેલ કેળ વણીકારો, રાજસ્વી મહાનુભાવો, શિક્ષણવિદો, સાહિત્યકારો તથા રાજયનાને સુરતના શિક્ષકો ભાઈ બહેનો, મહેમાનો, વિ.ની બહોળી હાજરીમા સંસ્થાના સ્થાપક ટ્રૂસ્ટી રાઘવભાઈ ડાભી, નાનાભાઈ ભટ્ટ નામે શા માટે એવોર્ડ અપાય છે તે વિશેષ માહીતી આપી હતી.આ તકે કાર્યકમના સાસંદ રૂપાલાએ શિક્ષકોને અભિનંદન સાથે બુનિયાદી શિક્ષણ તરફ પાછા ફરવા જણાવ્યુ હતુ ને બિનસાંપ્રદાયિક ધોરણે આ બંન્ને એવોર્ડ માટે સમ્રગ ટ્રસ્ટના ટ્રસ્ટી, પ્રમુખને પીઠ થબાડીને અભિવાદન આપ્યા હતા અને ખુબ જ લાબું અને સસોટ સરસ પ્રવસન આપી હાજર સર્વને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ તકે રાજયના કુલ આઠ શિક્ષકોને મનુભાઈ પંચોળીના સન્માન એવોર્ડ અને ચાર આચાર્યને નાનાભાઈ ભટ્ટ અગત્યના સન્માન એવોર્ડ અપાયા હતા અને સંમારંભમા સુરતના બાબુભાઈ જીરાવાળા એ ખેડુત પુત્રના દેવુ ભરપાય કરેલ તે બદલ તેનુ પણ વિશેષ સન્માન કરાયુ હતુ આ સંમારંભમા શિક્ષણ લગતા મહાનોભોવો શિક્ષકો, રાજકીય મહાનુભાવો, કેળવણીકારો, સાહિત્યકારો બહોળી સંખ્યામા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગર : વાળંદ કન્યા છાત્રાલય ખાતે ડો. દેવીબેન મનુભાઈ ભટ્ટી ઈ-લાઈબ્રેરીનું થયેલ લોકાર્પણ



અમરેલી, તા. ૨૩

સમગ્ર ગુજરાતમાં ભાવનગર ખાતે એકમાત્ર વાળંદ કન્યા છાત્રાલય આવેલ છે. સદર છાત્રાલયમાં વિવિધ જિલ્લાની ૨૪ દીકરીઓની રહી વિવિધ અભ્યાસક્રમમાં જોડાયેલ છે. છાત્રાલયમાં દીકરીઓ માટે નિવાસ, ભોજનની વ્યવસ્થા ઉપરાંત સિવણ, કોમ્પ્યુટર, રસોઈ, વ્યકિતત્વ વિકાસ જેવી કૌશલ્ય વિકાસની તાલીમ પણ આપવામાં આવે છે.

દિકરીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકે તે માટે અકે અદ્યયતન સુવિધા સાથેની લાઈબ્રેરીની જરૂરીયાત હતી. સ્વ. ડો. દેવીબેન મનુભાઈ ભટ્ટી ટાણાવાળ ાના નામે ઈ-લાઈબ્રેરી બનાવવા માટે તેમના સુપુત્ર હરેશભાઈ મનુભાઈ ભટ્ટી સુરત તરફથી રૂા. ૧,૫૧,૦૦૦/- નું દાન મળતા સદર લાઈબ્રેરીને ફર્નિચર, વાઈફાઈ, કોમ્પ્યુટર, પ્રિન્ટર, જેવા આધુનિક ઉપકરણોથી અદ્યતન સુવિધા સભર બનાવવામાં આવેલ છે.

ડો. દેવીબેન મનુભાઈ ભટ્ટી ઈ-લાઈબ્રેરીનું લોકાર્પણ તા. ૧૭/૧૨/૨૫ના રોજ વર્ષાબેન અને હરેશભાઈ મનુભાઈ ભટ્ટી લોર્ડ કિષ્ના ઈન્ટરનેશનલ સ્કુલ, સુરતના હસ્તે કરવામાં આવેલ હતું. લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે ભટ્ટી પરિવાર ટાણા તથા જ્ઞાતિ અગ્રણીએ તેમજ બહાર ગામથી પધારેલ મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. ઈનામના કાયમી દાતા વર્ષાબેન હરેશભાઈ ભટ્ટી તરફથી છાત્રાલયની તમામ દીકરીઓને ટ્રાવેલીંગ બેગ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ હતી.કન્યા છાત્રાલય ખાતે ઈ-લાઈબ્રેરી સુવિધા ઉપલબ્ધ થતા દિકરીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સારી કરી શકશે. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના ફોર્મ ભરવા, હોલ ટીકીટ મેળવવી, સંદર્ભ સાહિત્ય ઉપલબ્ધ કરવું વગેરે કામગીરી છાત્રાલયમાં રહીને જ કરી શકશે. બહાર જવું પડશે નહીં.

કન્યા છાત્રાલય ખાતે ઈ-લાયબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરવા માટે દાન આપનાર વર્ષાબેન હરેશભાઈ ભટ્ટી તથા હરેશભાઈ મનુભાઈ ભટ્ટી સુરત તથા સમગ્ર ભટ્ટી પરિવાર ટાણા, સુરતનો સંસ્થા હૃદયપૂર્વક આભાર માને છે.

## રાજયમંત્રી કૌશિક વેકરિયાએ આમ આદમીની વેદના સાંભળી



અમરેલી, તા. ૨૩

રાજયકક્ષાના મંત્રી કોશિક વેકારિયાએ સામાન્ય માનવીની વેદનાઓ સહાનુભૂતિપૂર્વકસાંભળી નાના અને ગરીબ માણસની રજૂઆતો તથા વેદનાઓને સમજીને તેને યોગ્ય ન્યાય અપાવવાની ભાવનાથી રાજયકક્ષાના મંત્રી કોશિક વેકારિયાએ એક સામાન્ય જન પ્રતિનિધિ તરીકે ઊભા રહી લોકોની સમસ્યાઓ સાંભળ ી હતી. આ પ્રસંગે તેમણે કોઈ એપચારિકતા વગર, સીધા લોકો સાથે સંવાદ સાધી તેમની રોજબરોજની મુશ્કેલીઓ, દુઃખ-વેદનાઓ અને અપેક્ષાઓને સમજવાનો પ્રયત્ન કર્યો.

જાહેર જીવનમાં ઘણી વખત નાના માણસની વાત અનસુની રહી જાય છે, પરંતુ મંત્રી કોશિક વેકારિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે સરકારની સાચી શકિ સામાન્ય નાગરિક છે. તેમણે ગરીબ, શ્રમિક, ખેડૂત અને પછાત વર્ગના લોકોની સમસ્યાઓને ગંભીરતાથી સાંભળી સંબંધિત વિભાગોને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી.

લોકોએ આવાસ, રોજગાર, પાણી, વીજળી, આરોગ્ય અને અન્ય મૂળભૂત સુવિધાઓ સંબંધિત પ્રશ્નો રજૂ કર્યા, જેને મંત્રીએ ધ્યાનપૂર્વક નોંધ્યા. તેમણે વિશ્વાસ આપ્યો કે દરેક સાચી રજૂઆતનો યોગ્ય ઉકેલ લાવવામાં આવશે અને કોઈપણ નાગરિક અન્યાય અનુભવે નહીં તે માટે સરકાર પ્રતિબદ્ધ છે.

આ સંવાદથી લોકોમાં વિશ્વાસનો ભાવ મજબૂત બન્યો અને સરકાર અમારી સાથે છે તેવી લાગણી વધુ પ્રબળ બની હતી.

## વંડા : પી.પી.એસ. હાઇસ્કૂલમાં રાષ્ટ્રીય ગણિત દિવસ શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતી ઉજવાય



વંડા, તા. ૨૩

તા. ૨૨ ના રોજ શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતિ (૨૨ ડિસેમ્બર) નિમિત્તે શાળાઓમાં રાષ્ટ્રીય ગણિત દિવસ (નેશનલ મેથેમેટીક ડે)ની ઉજવણી થાય છે, જે અંતર્ગત શ્રી પી.પી.એસ.હાઈસ્કૂલ વંડામાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો રોહિતભાઈ ઓઝા તેમજ સંજયભાઈ ચેહાણે વિદ્યાર્થીઓને ગણિત પ્રત્યે જિજ્ઞાસુ બનાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

શાળાના બાળકોને ગણિત પ્રત્યે રસ જગાવવા માટેની પ્રવૃત્તિઓ જેવી કે ગણિત પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા મોડેલો, ચાર્ટ, અને પ્રોજેક્ટ્સ, ક્વિઝ સ્પર્ધામાં ગણિતના સામાન્ય જ્ઞાન અને રામાનુજન વિશે પ્રશ્નોત્તરી, વાર્તા કથનમાં રામાનુજનના જીવન અને તેમની અદભુત ગાણિતિક યાત્રાની વાર્તાઓ કહેવી, વર્કશોપ અને વ્યાખ્યાનમાં ગણિતના રસપ્રદ વિષયો, જેમ કે પાય, ક્રિપ્ટોગ્રાફી, AI માં ગણિત સમજાવવા, રમત-ગમત અને પઝલ્સમાં મેથ્સ ક્લબ દ્વારા કોયડા ઉકેલવા, ગણિતની રમતો રમવી , કલા પ્રવૃત્તિઓ અંતર્ગત ગણિતનાસિદ્ધાંતો પર આધારિત ચિત્રો, પેઈન્ટિંગ્સ બનાવવા વિગેરેનુંસુંદર આયોજન કર્યુંહતું. કાર્યક્રમનો હેતુ ગણિતને ડરનો વિષય ન ગણતા તેને સર્જનાત્મકતા અને તર્કનો વિષય તરીકે રજૂ કરવાનો હતો જેથી વિદ્યાર્થીઓ ગણિતને જીવનનો અભિન્ન અંગ માને જે જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી હોય છે એમ જણાવ્યું હતુ.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## ભૈ વાહ : ભૂરખિયા ગામનાં તળાવની ૩૭ લાખનાં ખર્ચે મરામત કરવામાં આવશે

### સમસ્ત ગ્રામજનોમાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાના ભુરખીયા ગામના ગ્રામજનો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. ગામના પ્રાચીન અને મહત્વપૂર્ણ તળાવના રીપેરીંગ (મરામત તથા સુધારણા) કાર્ય માટે રાજય સરકાર દ્વારા રૂ. ૩૭ લાખની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. આ મંજુરી લાઠી ધારાસભ્ય જનક તળ ાવીયાના સતત પ્રયત્નો અને અસરકારક રજૂઆતના પરિણામરૂપે મળી છે.

ભુરખીયા ગામનું તળાવ વર્ષોથી ગામના પીવાના પાણી, ખેતી અને પશુપાલન માટે આધારરૂપ રહ્યું છે. સમય જતાં તળ ાવમાં ગાદ ભરાવા, તટબંધની નુકસાન અને પાણી સંગ્રહ ક્ષમતામાં ઘટાડો થવાથી ગ્રામજનોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને ઉનાળાના સમયમાં પાણીની અછત ગંભીર સમસ્યા બની જતી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં



રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ તળાવના રીપેરીંગ માટે સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી.

રૂ. ૩૭ લાખની સૈદ્ધાંતિક મંજુરી મળતા હવે તળાવના તટબંધ મજબૂત બનાવવાની, ગાદ કાઢવાની, પાણી સંગ્રહ ક્ષમતા વધારવાની તેમજ તળાવની આસપાસ જરૂરી સુરક્ષા અને વિકાસ કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થતાં ભુરખીયા ગામમાં ભૂગર્ભ જળસ્તર વધશે, ખેતી માટે પૂરતું પાણી ઉપલબ્ધ થશે અને પશુપાલકોને પણ મોટો ફાયદો થશે.આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, "ગ્રામ્ય વિસ્તારોમાં પાણી સંગ્રહની સુવિધા મજબૂત બનશે તો જ ખેડૂતો અને ગ્રામજનોનું જીવન સુખાકારી બનશે. ભુરખીયા ગામના તળાવનું રીપેરીંગ પૂર્ણ થયા બાદ ગામના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે." તેમણે રાજય સરકારનો આભાર માનતા કહ્યું કે, સરકાર ગ્રામ્ય વિકાસ અને જળસંરક્ષણ માટે સતત પ્રતિબદ્ધ છે.

ગામના આગેવાનો અને ગ્રામજનોએ પણ આ મંજુરી બદલ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો છે. તેમણે વિાસ વ્યકત કર્યો કે, તળાવના રીપેરીંગ કાર્યથી ભુરખીયા ગામમાં પાણીની સમસ્યા ઘણી હદ સુધી દૂર થશે અને આવનારી પેઢીઓ માટે પણ જળ સંરક્ષણનો મજબૂત આધાર ઉભો થશે.

## રાજુલાનાં કવિરાજ શશીભાઈ રાજયગુરૂનુ સન્માન કરાયુ



અમરેલી, તા. ૨૩

અમરેલીમાં તાજેતરમાં બાલકૃષ્ણ દવે સાહિત્ય એવોર્ડ રાજુલાના કવિરાજ શ્રી શશીભાઈ રાજયગુઢ કવિ એમાળવીને ચલાળા ગાયત્રી શક્તિપીઠના ડોક્ટર પૂજય રતિદાદા તેમજ સાવરકુંડલા માનવ મંદિરના પૂજય ભકિ રામ બાપુ ના વરદ હસ્તે અર્પણ થતાં અમરેલી સમસ્યા બ્રહ્મ સમાજના આદરણીય પ્રમુખ શ્રી મુકુંદભાઈ મહેતા પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ શુક્લ, કિરણબેન ત્રિવેદી તેમજ હસુદાદા જોશી તેમજ મહેન્દ્રભાઈ જોશી લોકસાહિત્ય સેતુના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, હસુભાઈ જોશી, બીનાબેન શુક્લા વગેરેએ સાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરતા નજરે પડે છે.

## લીલીયા : ભેસાણ ગામે 'જળ ક્રાંતિ'ના પ્રણેતા મનસુખભાઈ સુહાગિયાની ઉપસ્થિતિમાં ગ્રામજનો સાથે સંવાદ



અમરેલી, તા. ૨૩

લીલીયા તાલુકાના ભેસાણ ગામમાં 'જળ ક્રાંતિ'ના પ્રણેતા મનસુખભાઈ સુહાગિયાની વિશેષ ઉપસ્થિતિમાં ગ્રામજનો સાથે સૌહાર્દસભર સંવાદ યોજાયો હતો. આ પ્રસંગે ગામના સર્વાંગી વિકાસ, પાણી વ્યવસ્થા, કૃષિ સુધારણા તેમજ જનસુવિધાઓને લઈ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

કાર્યક્રમમાં સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશ કસવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો દ્વારા પાણી સંચય, તળ ાવો-ચેકડેમોની સ્થિતિ, સિંચાઈની સુવિધા, ખેતીમાં નવી ટેકનોલોજી, રસ્તા, પીવાનું પાણી અને અન્ય મૂળ ભૂત સુવિધાઓ અંગે પોતાના વિચારો અને પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા.

મનસુખભાઈ સુહાગિયા એ જળ સંરક્ષણનું મહત્વ સમજાવી ગામ સ્તરે વરસાદી પાણી સંગ્રહ, ભૂગર્ભ જળ સ્તર વધારવા અને પાણીનો સદુપયોગ કરવા માટે માર્ગદર્શન આપ્યું. તેમણે જણાવ્યું કે પાણી બચાવવાથી જ ખેતી, પર્યાવરણ અને આવનારી પેઢીનું ભવિષ્ય સુરક્ષિત રહેશે.

ધારાસભ્ય મહેશ કસવાલાએ ગ્રામજનોના પ્રશ્નો પ્રયાનપૂર્વક સાંભળી યોગ્ય ઉકેલ માટે સતત પ્રયત્ન કરવાની ખાતરી આપી. આ સંવાદથી ભેસાણ ગામમાં વિકાસ, જળ સંરક્ષણ અને સહકારની ભાવના વધુ મજબૂત બની હોવાનું ગ્રામજનોએ જણાવ્યું.

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલને સાયન્સ સીટી અમદાવાદ ખાતે મળ્યો "નેશનલ બેસ્ટ સ્કુલનો એવોર્ડ"




ચલાલા ડો.રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના અથાગ પ્રયત્નોથી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલે અનેરી સિદ્ધિ મેળવી છે. 'નેશનલ મેથેમેટિક્સ ડે - ૨૦૨૫' ની ઉજવણી અંતર્ગત સાયન્સ સીટી અમદાવાદ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. સાયન્સ સીટીના ડો. જયંત જોષી (સાયન્સ સીટી), એમ.એન. કાટપટ્ટી (બ્રિગેડીયર), બી.એન. રાવ(મેથ્સગુરૂ ઓફ ઈન્ડિયા), ડો.ચંદ્રમેલી જોષી (પ્રેસીડેન્ટ ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ), ડો. વ્રજેશ પરીખ (મેનેજર સાયન્સ સીટી)એ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ભારતની ૨૨ રાજયની સ્કુલના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧૦ બેસ્ટ નેશનલ સ્કૂલને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી, જેમાં ગુજરાત રાજયની ચલાલા સ્થિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલને નંબર વન બેસ્ટ સ્કુલનો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ભારત ભૂષણ મહેશભાઈ, ડાયરેક્ટર શીતલબેન મહેતા તેમજ રક્ષા શકિત સ્કુલના પ્રિન્સીપાલ ડો. તુષારભાઈ સહીત સ્કુલની દીકરીઓએ આ એવોર્ડ સ્વીકારી ગેરવની લાગણી અનુભવી હતી. એવોર્ડ મળવાની સાથે સાથે રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ઉપર અભિનંદનની વર્ષા થઈ હતી.

# અમરેલી ખાતે ગજેરા કેમ્પસ વિદ્યાસભામાં "વડીલ વંદના" અને "વિજય ભવ" કાર્યક્રમ યોજાયો



તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા ખાતે ' વડીલ વંદના' અને 'વિજય ભવ' કાર્યક્રમનું ભવ્ય અને ભાવસભર આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે વિદ્યાર્થી, વાલી અને વડીલો એક સાથે જોડાઈ સંસ્કાર, સ્નેહ સાથે સહભાગી બન્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપપ્રજવલન સાથે થઈ હતી. જેમાં બાળ વિદ્યાર્થીઓ દ્વારા વડીલોની પૂજા કરી પ્રસંગે પ્રખ્યાત મોટિવેશનલ સ્પીકર મનીષભાઈ વઘાસિયા પોતાના હૃદયસ્પર્શી શબ્દો દ્વારા વિદ્યાર્થીઓને વડીલો પ્રત્યે આદર, સેવા અને સંસ્કારની ભાવના સાથે ' વડીલ વંદના' અંતર્ગત વડીલોના જીવન અનુભવ, મૂલ્યો અને આશીર્વાદોને માન આપીને વડીલોનું પૂજન કરવામાં આવ્યું. જેમાં ઘટના સમગ્ર પરિસરને ભાવવિભોર બનાવી ગઈ. આજના સ્પર્ધાત્મક અને ટેકનોલોજીપ્રધાન યુગમાં વિદ્યાર્થીઓ પર અભ્યાસ, કારકિર્દી અને સામાજિક અપેક્ષાઓનું દબાણ સતત વધી રહ્યો છે. પરિણામે અનેક વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો અભાવ, માનસિક તણાવ તથા નિરાશાની લાગણી જેવી સમસ્યાઓ જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓને સમયસર પ્રેરણા, માર્ગદર્શન અને પરિવારનો સહયોગ મળે તે આજના સમયમાં અત્યંત આવશ્યક બની ગયું છે. આ હેતુસર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી 'વિજય ભવ' નામે એક વિશેષ મોટીવેશનલ કાર્યક્રમનું આયોજન થયું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારધારા અને જીવન પ્રત્યેનો ઉત્સાહ વિકસે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું તેઓ વિદ્યાર્થીઓને જીવનમાં આવતાં પડકારોને કેવી રીતે સકારાત્મક રીતે સ્વીકારી સફળતાની દિશામાં આગળ વધવું તે અંગે માર્ગદર્શન અપાયુ. માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ એક લાગણી સભર સંદેશ બની ગયું હતું. આ કાર્યકમમાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, ઉપપ્રમુખ હેમેન્દ્રભાઈ મહેતા, ધીરજ પુજારા, અગ્રણી ઉદ્યોગપતિ મગનભાઈ શ્રોફ, ભવાનભાઈ ભગત, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, દિનેશભાઈ ભૂવા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ બોદર, ખોડાભાઈ સાવલિયા, અમે.કે. સાવલિયા, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, પંકજભાઈ મહેતા,ગીરીશભાઈ ભીમાણી, સી. પી. ગોંડલીયા, ચિરાગભાઈ ગજેરા વગેરે મહેમાનઓની ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સુપરવાઈઝરઓ અને તમામ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## ચલાલા પાલિકા પ્રમુખે

ચલાલા નગરપાલિકાના મહિલા પ્રમુખ શ્રીમતી નયનાબેન વનરાજભાઈ વાળા અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ બાવચંદભાઈ માલવિયાની સામે જુદા જુદા આક્ષેપો સાથેની અવિસની દરખાસ્ત મુકવામાં આવેલ હતી. ત્યારબાદ જિલ્લા ભાજપ અને ધારાસભ્યો દ્વારા વખતો વખતની મીટીંગ કરીઅસંતુષ્ટ સદસ્યોઅનેપ્રમુખ, ઉપપ્રમુખ સાથે સંકલન કરવાના પ્રયત્નો કરવામાં આવેલ હતા. અવિસની દરખાસ્ત બાદ નિયત સમયમાં પ્રમુખ અને ઉપપ્રમુખે મીટીંગ નહીં બોલાવતા આખરે કલેકટરે તારીખ ૨૪/૧૨ ના નગરપાલિકા હોલમાં સવારે ૧૧:૦૦ વાગે અવિસની દરખાસ્તના કામ માટે નગરપાલિકાના સદસ્યોની સામાન્ય સભા બોલાવેલ હતી. તે સામાન્ય સભા પૂર્વે જ ૨૪ કલાક અગાઉ નગરપાલિકાના મહિલા પ્રમુખ નયનાબેન વાળાએ કલેકટર ઓફિસમાં રૂબરૂ જઈ પોતાના પદનું પ્રમુખ તરીકેનું કૌટુંબીક વ્યસતાનુ કારણ ધરી રાજીનામું આપી દીધું છે. હવે તા. ૨૪/૧૨ નીકલેકટરે બોલાવેલ સામાન્ય સભામાં અસંતુષ્ટ સદસ્યોનુ જૂથ નગરપાલિકાના ઉપપ્રમુખની સામેની અવિસની દરખાસ્ત પસાર કરે છે કે અવિસની દરખાસ્ત પરત ખેંચે છે તેની પર સૌની મિટ મંડાઈ રહી છે.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જણાવેલ છે કે અમરેલી જિલ્લામાં ભાજપમાં કોઈ જ જૂથવાદ ચાલતો નથી. ચલાલા નગરપાલિકામાં મહિલા પ્રમુખે રાજીનામું આપ્યું તે તેના કૌટુંબીક વ્યસ્તાના જ કારણોસર રાજીનામું આપ્યું છે. ચલાલામાં નગરપાલિકામાં પણ કોઈ પણ પ્રકારનો સદસ્યોમાં જૂથવાદ નથી. કદાચ થોડો ઘણો વિચાર ભેદ હોય તે પણ મિટાવી આવતા સમયમાં બધા જ સદસ્યો એક જૂટ થઈ ચલાલા શહેરના વિકાસના કામોમાં લાગી જશે બીજી બધી વાતો માત્ર હંબક છે એવું જણાવ્યું છે. પ્રમુખ પતિ ભૈયલુભાઈ વાળાએ પણ જણાવેલ હતુ કે અમારા કૌટુંબીક વ્યસતા કારણોસર જ મારા પત્નીએ રાજીનામુ આપ્યુ છે બીજુ કોઈ કારણ નથી.


## Name has been changed

I hereby declarer, that the name and address of **Manishbhai Vitthalbhai Shekhada** have been changed. My old name was **Manishkumar Vitthalbhai Shekhada** and the address was Mota Manasa-Di-Amreli, which has now been changed to by **Manishbhai Vitthalbhai Shekhada.** The new address is Plot Vistar-Mota Manasa-Di-Amreli-365540. Therefore, from now on, i will be recognized by this name and address.


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૭૧ | ૧૩૧૮ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૨૫ | ૧૩૭૦ |
| ૪ | શિંગ મોટી | ૯૭૭ | ૧૪૦૧ |
| ૫ | શિંગદાણા | ૧૧૭૦ | ૧૪૧૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| ૭ | તલ સફેદ | ૧૦૭૨ | ૨૨૫૮ |
| ૮ | તલ કાળા | ૩૨૪૦ | ૫૧૮૫ |
| ૯ | તલ કાશ્મીરી | ૨૨૦૦ | ૨૩૮૬ |
| ૧૦ | બાજરો | ૩૩૮ | ૩૬૬ |
| ૧૧ | જુવાર | ૫૪૦ | ૯૧૦ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૮૮ | ૫૬૩ |
| ૧૩ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૪૩ |
| ૧૪ | મગ | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૫ | અડદ | ૮૦૦ | ૯૮૦ |
| ૧૬ | ચણા | ૭૮૦ | ૧૦૭૦ |
| ૧૭ | ચણા દેશી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૮ | સફેદ ચણા | ૯૫૩ | ૧૦૩૮ |
| ૧૯ | છોલે ચણા | ૮૦૦ | ૧૩૪૫ |
| ૨૦ | તુવેર | ૭૩૦ | ૧૨૩૫ |
| ૨૧ | કપાસ | ૮૨૦ | ૧૫૭૨ |
| ૨૨ | એરંડા | ૧૦૩૦ | ૧૩૨૦ |
| ૨૩ | જીરૂ | ૩૭૪૫ | ૩૮૫૦ |
| ૨૪ | રાય | ૧૦૦૦ | ૧૬૮૦ |
| ૨૫ | ધાણા | ૧૫૨૦ | ૧૮૭૫ |
| ૨૬ | મેથી | ૮૦૦ | ૯૯૧ |
| ૨૭ | સોયાબીન | ૭૫૩ | ૮૯૬ |
| ૨૮ | મરચા લાંબા | ૧૨૯૦ | ૩૬૮૦ |
| ૨૯ | કાંગ | ૨૫૦ | ૫૫૦ |

## લીલીયા મોટા ખાતે કોળી ઠાકોર સમાજની બેઠક મળી



લીલીયા, તા. ૨૩

લીલીયા શહેર ખાતે સમસ્ત કોળી ઠાકોર સમાજની મિટિંગનુ આયોજન પુર્વ કોંગ્રેસ પાર્ટીના ઓ.બી.સી પ્રમુખ નારણભાઈ મકવાણા તેમજ સમસ્ત કોળી સમાજ અગ્રણી રવજીભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને મળેલ. જેમા કોળી સમાજમાં શિક્ષણ તેમજ નોકરી,વ્યસન મુક્તિ અને ઉચ્ચતર શિક્ષણ માટે કોળી ઠાકોર નિગમ માંથી લોન મેળવી શકાય તેમજ ઓ.બી.સી સમાજને જાતિ આધારિત ગણતરી કરી જે સમાજની વસ્તી વધુ તેને તેટલો હિસ્સો મળવા અને ૫૪ ટકા ઓબીસી સમાજને અનામત મળવા માટે સરકારમાં માંગણી મુકવામાં આવેલ હોય. તેમાં સહકાર આપવા અને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કોળી ઠાકોર સમાજની વધુ વસ્તી હોય. તે તાલુકા તેમજ જીલ્લા પંચાયતની શીટ ફાળવવા રાજકીય પાર્ટી પાસે ભવિષ્યમાં દાવેદારી કરવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ મિટિંગમાં કોળી ઠાકોર સમાજના અગ્રણી તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય વિજય ભાઈ કોંગથીયા, કાંતિભાઈ ડુંગરીયા, બાબુભાઈ જાસલીયા, નરશીભાઈ મકવાણા, રાજુભાઈ જાદવ, અતુલભાઈ ઉનાવા, શાંતિભાઈ, મુકેશભાઈ મકવાણા, પ્રવીણભાઈ મકવાણા સહિત મોટી સંખ્યામાં સમાજના યુવાનો આગેવાનો હાજર રહેલ બધા આગેવાનોએ આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માનિત કરેલ. આ મિટિંગનું આયોજન વિજયભાઈ કોગથીયાએ કરેલ.

પાના ૮ ઉપરનું ચાલું

## ખાંભા પંથકમાં ચણાનાં પાકમાં

ચણાના પાકમાં સૂકાના રોગથી છોડ આખા પીળા પડી સુકાવા લાગ્યા છે અને લીલી ઈયળોમાં મોંઘા ભાવની દવાનો છંટકાવ કરવા છતાં ઈયળોનો ઉપદ્રવ જતો નથી અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

અમરેલી જિલ્લામાં અને ખાસ કરીને ખાંભા પંથકમાં ખેડૂતો મોટા પ્રમાણમાં ચણાનું વાવેતર કર્યુ છે. શરૂઆતમાં ચણાના પાક ખૂબ સારા હતા હાલ ચણા પાક ઉપર આવતા જ ચણામાં સૂકા નામનો રોગ લાગ્યો છે. સાથે ઈયળોનો ઉપદ્રવ આવવાના કારણે પાક નિષ્ફળ જાય અને ઉત્પાદન ઓછું આવે તેવા અણસાર જોવા મળી રહ્યા છે. ઉમરીયા ગામના ખેડૂતોએ આ વર્ષે ચણામાં કરેલી મહેનતનું ફળ પૂરતું નહીં મળે તેવું વર્તાય છે અને સુકા નામના રોગને કારણે ખેડૂતોની મહેનતનું ફળ મળે તેવી સ્થિતિ નથી. ચણાના વાવેતરમાં દવા, ખાતર, બિયારણ સહિતનો ખર્ચ કરીને હાલ ચણા પાક ઉપર આવતા જ સુકા નામનો રોગ લાગ્યો છે. અનેક દવાઓનો છંટકાવ કરવા છતાં કોઈ ફાયદો ચણાના પાકને નથી. આ વર્ષે ખેડૂતોને ચણામાં કરેલ ખર્ચ ઉભો થાય તેવા એંધાણ દેખાતા નથી ને ખેડૂતો મૂંઝવણમાં મુકાઈ ગયા છે. ઉમરીયા ગામમાં ખેડૂતો દર વર્ષે રવિપાક વધુ ચણાનું વાવેતર કરે છે પણ આ વર્ષે સૂકા નામનો ચણામાં રોગ લાગતા ચણાના પાકમાં નુકસાની જાય તેવા અણસાર જોવા મળી રહ્યા છે અને સૂકા રોગ લાગવાના કારણે ચણાના છોડમાં ઉપર આવેલ પોપટામાં નથી જોવા મળતા. ચણાના દાણાને ખેડૂતોએ અનેક પ્રકારની જંતુનાશક દવાનો છંટકાવ કરવા છતાં ચણાના પાકને ફાયદો થતો દેખાતો નથી. તેવું ખાંભા પંથકના ખેડૂતોએ જણાવ્યું હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૬ | ૧૬૦૦ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૮૭ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| ૪ | જુવાર સફેદ | ૬૭૦ | ૬૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૬૫ | ૧૭૧૬ |
| ૬ | તલ કાળા | ૩૨૫૧ | ૩૨૫૧ |
| ૭ | વાલ | ૫૫૧ | ૫૫૧ |
| ૮ | મેથી | ૭૦૦ | ૭૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૩૧૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૭૧ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૨૪૦ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૩૯૫૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૦૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૫૫૦ |
| ૧૧ | અડદ | ૭૦૦ | ૯૮૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૩૦ |
| ૧૩ | તુવેર | ૯૫૦ | ૧૪૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૨૬૧ |
| ૧૫ | મેથી | ૮૫૦ | ૧૦૪૦ |
| ૧૬ | સોયાબીન | ૭૫૦ | ૮૮૫ |
| ૧૭ | ચોળી | ૯૫૦ | ૧૪૦૦ |

## વર્ષો જુની સમસ્યાનું કરો નિરાકરણ

# જાફરાબાદની વીજ સમસ્યા દૂર કરવા માટે ફીડર અલગ કરવા માંગ કરાઈ

### સાગરખેડૂત વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રજૂઆત

જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદ ખાતે આવેલ પીજીવીસીએલ કચેરીમાં ઘણા વર્ષોથી સ્ટાફ ઘટ છે. આથી ટેકનીકલ સ્ટાફ કામગીરીમાં પહોંચી શકતો નથી અને જનતા ને ન્યાય મળતો નથી. આથી જાફરાબાદ શહેરની છેલ્લા ઘણા વર્ષોથી વસ્તીમાં વધારો થયેલ છે. જાફરાબાદ મત્સ્યોદ્યોગનું મહત્વનું કેન્દ્ર હોય અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય માચ્છીમારીનો હોય તેમજ પીપળીકાંઠા અને બંદર વિસ્તારમાં જનસંખ્યાનો વધારો થયો હોય અને સિટી વિસ્તારમાં પણ જનસંખ્યાનો વધારો થયો હોય અને વિજળીની માંગ વધી હોય. તે માટે અહીંના પીજીવીસીએલનો ટેકનીકલ સ્ટાફ બંદર વિસ્તાર તેમજ સીટી વિસ્તારોમાં કોઈ ફોલ્ટ સર્જાય ત્યારે ટેકનીકલ સ્ટાફ ઓછો હોવાને કારણે બન્ને બાજુ કામગીરી કરી શકતો નથી. જેથી કરીને જો સીટી વિસ્તાર અને બંદર



વિસ્તારનો અલગ અલગ ફીડર હોવો જરૂરી છે. જેથી કરીને વિજળીમાં કોઈ પણ ફોલ્ટ આવે ત્યારે અલગ અલગ ફીડર હોય તો ટેકનીકલ સ્ટાફ પહોંચી શકે. માટે જનતા જનાર્દનની ઉગ્ર માંગણી છે કે સીટી વિસ્તાર અને બંદર વિસ્તારનો અલગ અલગ ફીડર હોવો જરૂરી છે. તેમજ તે માટે વર્ષોથી જુનો ટેકનીકલ સ્ટાફનું મહેકમ હોય તેમાં વધારો કરવો જરૂરી છે અને તેમજ સામાકાંઠા બંદર વિસ્તાર તેમજ સીટી વિસ્તારમાં અલગ અલગ ફીડર જુદો જુદો કરવામાં આવે તેથી વિજ પુરવઠામાં ફોલ્ટ સર્જાય ત્યારે રિપેરિંગ કામ થઈ શકે. માટે જાફરાબાદની સામાજિક સંસ્થાઓ, સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટસ બન્ને એનજીઓએ ઉર્જા મંત્રી તેમજ પીજીવીસીએલના એમ.ડી.ને જરૂરી કાર્યવાહી કરવા અગામી દિવસોમાં રજુઆત કરવામાં આવશે તેમ જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૭૦ | ૧૫૯૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૧૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૧૦૨૬ | ૧૩૫૪ |
| ૪ | તલ સફેદ | ૧૬૬૦ | ૧૯૮૦ |
| ૫ | તલ કાળા | ૩૨૯૦ | ૪૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૨૪૦ | ૩૯૩૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૫૫ |
| ૮ | ચણા | ૯૭૦ | ૧૦૮૦ |
| ૯ | અડદ | ૯૧૦ | ૧૨૧૦ |
| ૧૦ | મગ | ૧૨૭૦ | ૧૯૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૬ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૧૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૮ |
| ૪ | અડદ | ૭૦૦ | ૧૦૪૫ |
| ૫ | ચણા | ૭૫૫ | ૧૦૧૫ |
| ૬ | ધાણા | ૧૧૪૦ | ૧૮૦૦ |
| ૭ | તુવેર | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ૮ | સોયાબીન | ૫૫૦ | ૮૭૦ |
| ૯ | મગફળી | ૫૦૦ | ૧૧૯૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૬૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૧૨ | લસણ | ૧૦૩૫ | ૧૯૦૦ |
| ૧૩ | કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૪ | ચણા છોલે | ૯૨૫ | ૧૩૫૦ |
| ૧૫ | મગ | ૮૦૦ | ૧૦૦૦ |


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૦ | ૧૧૫૧ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૫૨૦ |
| ૩ | ચણા | ૮૬૫ | ૯૯૧ |
| ૪ | સફેદ ચણા | ૧૧૫૦ | ૧૬૧૫ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | તલ | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૭ | ધાણા | ૧૫૮૦ | ૧૬૫૫ |
| ૮ | મગ | ૧૫૫૧ | ૧૫૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૪૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૮૧૨ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૩૬ |
| ૪ | બાજરો | ૩૮૦ | ૫૫૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૮ |
| ૬ | જુવાર | ૬૫૧ | ૧૦૭૨ |
| ૭ | મગ | ૬૨૫ | ૩૪૦૧ |
| ૮ | ચણા | ૫૫૦ | ૧૨૦૧ |
| ૯ | મેથી | ૧૩૯૧ | ૧૩૯૧ |
| ૧૦ | સોયાબીન | ૮૦૧ | ૮૩૫ |

## બાળકોના સ્વાસ્થ્ય સાથે ભણતરનો સશક્ત આધારસ્તંભ એટલે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના''

# અમરેલી જિલ્લાની ૭૬૬ શાળાઓના ૮૮,૨૮૭ વિદ્યાર્થીઓને નિત્ય પિરસાય છે પૌષ્ટિક અલ્પાહાર

બાળકોના સ્વાસ્થ્ય અને ભણતર માટેની રાજ્ય સરકારની સંવેદનશીલ પહેલ

પૌષ્ટિક અલ્પાહારથી છેવાડાના વિસ્તારના બાળકોને પણ પૂરતુ પોષણ મળી રહ્યું છે

જિલ્લાની સરકારી તથા ગ્રાન્ટઈન એઈડ પ્રાથમિકશાળામાં ૦૧ થી ૮ ના વિદ્યાર્થીઓ અલ્પાહાર આપવામાં આવી રહ્યો છે

સ્વાસ્થ્યમાં સુધારો લાવવો અને ભણતર પ્રત્યે એકાગ્રતા વધારવાનો છે









અમરેલી, તા. ૨૩

અમરેલી તાલુકાની વાંકિયા પ્રાથમિક શાળાના પરિસરમાં શાળાના પરિસરમાં રિસેસનો બેલ વાગતા જ વિદ્યાર્થીઓના કલરવથી વાતાવરણ જાગૃત થઈ ગયું. નાના ભૂલકાઓથી લઈને ધો.૦૮ સુધીના વિદ્યાર્થીઓ ભોજન શેડ તરફ દોટ મૂકતા જોવા મળ્યા. સ્વચ્છાગ્રહી બાળકોએ હેન્ડ વાશલિકિવડથી હાથ સ્વચ્છ કરી પોતાની ડીશ લઈ અને લાઇનબદ્ધ ગોઠવાઈ ગયા. થોડીવારમાં સેવિકા બહેનોએ મગ અને મિક્ષ કઠોળ ચાટ પિસરી આપી. કુદરતના અંશ જેવા બાળકોએ બે હાથ જોડી અને પ્રાર્થના કરી અને ત્યારબાદ તેઓએ સ્વાદિસ્ટ અલ્પાહારની મજા માણી.

અમરેલી જિલ્લાની ૭૬૬ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૮૮,૨૮૭ બાળકો માટે મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના એક આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. રાજય સરકારની આ મહત્વપૂર્ણ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના સરકારી તથા ગ્રાન્ટ – ઈન – એઈડ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૦૧ થી ૮ ના વિદ્યાર્થીઓને નિયમિત રીતે પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવી રહ્યો છે.

આ યોજનાનો મુખ્ય હેતુ બાળકોમાં કુપોષણ દૂર કરવો, સ્વાસ્થ્યમાં સુધારો લાવવો અને ભણતર પ્રત્યે તેમની એકાગ્રતા વધારવાનો છે. અમરેલી જેવા મુખ્યત્વે કૃષિ આધારિત જિલ્લામાં ઘણા પરિવારો આર્થિક રીતે મધ્યમ અથવા નબળી સ્થિતિ ધરાવે છે. આવા સંજોગોમાં શાળામાં મળતો પૌષ્ટિક અલ્પાહાર બાળકોના દૈનિક પોષણમાં મહત્વપૂર્ણ ફાળો આપી રહ્યો છે.

આ અંગે શાળાના શિક્ષિકા પ્રવિણાબેન બોરીસાગરે જણાવ્યું હતું કે, બાળકોને નિયત મેનુ મુજબ પોષણમૂલ્યને ધ્યાનમાં રાખી અલ્પાહાર આપવામાં આવે છે. ઘઉં અને પ્રોટીન આધારિત વાનગીઓ, ચણા, શીંગ,મગ, સુખડી વગેરે ખોરાકથી બાળકોને જરૂરી ઊર્જા અને પોષક તત્વો મળે છે.પરિણામે બાળકો શાળાના અભ્યાસ દરમિયાન વધુ સક્રિય અને ચેતન રહે છે અને તેમનામાં કૂપોષણ પણ દૂર થાય છે.

જિલ્લા પુરવઠા અધિકારીની કચેરીના અહેવાલ મુજબ જિલ્લામાં પી.એમ.પોષણ યોજના અંતર્ગતની મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ ૭૬૬ શાળાના ૭૬૯ કેન્દ્રો પર કુલ ૧,૨૩,૭૩૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જે પૈકી ૮૮,૨૮૭ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ પ્રાપ્ત કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં યોજનાનો અમલ શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ શાળા સ્તરે મુખ્ય શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન સમિતિઓ દ્વારા કરવામાં આવે છે. અલ્પાહારની ગુણવત્તા,સ્વચ્છતા અને નિયમિતતા જળવાઈ રહે તે માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. અલ્પાહાર તૈયાર થાય ત્યારે તેની ગુણવત્તા ચકાસવા માટેનું એક ચાખણા રજિસ્ટર નિભાવવામાં આવે છે, જેમાં પ્રતિદિન એક શિક્ષકની જવાબદારી રહે છે. આ અંગે શાળઆના શિક્ષક, ઈબ્રાહિમ ડેરૈયાએ જણાવ્યું હતું કે, સોમવારથી શનિવાર સુધી રોજ એક શિક્ષક અલ્પાહાર ચાખી તેની ગુણવત્તા ચકાસી અને રજિસ્ટરમાં એન્ટ્રી કરવામાં આવે છે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અમરેલી જિલ્લાના બાળકો માટે માત્ર એક ખોરાક યોજના નહીં પરંતુ સ્વસ્થ અને સશક્ત ભવિષ્ય તરફનું મજબૂત પગલું છે. સ્વસ્થ બાળક જ સારો વિદ્યાર્થી બની શકે અને સારો વિદ્યાર્થી જ જિલ્લાનું અને રાજયનું ભવિષ્ય ઘડી શકે – આ ભાવનાને સાકાર કરતી આ યોજના અમરેલી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે નવી આશા જગાવી રહી છે.

પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયની જન્મ જયંતિને રાજય સરકાર દ્વારા સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજયના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આરંભેલી વિકાસયાત્રા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશમાં ' અટલ નેતૃત્વ થકી અવિરત વિકાસ' કરી રહી છે.

### આગામી ૭ જાન્યુઆરીનાં રોજ

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૮૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા,તા.૨૩

ચલાલા–અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંસ્કાર કેન્દ્રઘ ધારી રોડ ચલાલા ખાતે આગમીતા. ૭/૧/૨૦૨૬ બુધવારનારોજ ૨૮૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનુંઆયોજન કરેલછે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપશે.

સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણીની યાદમાં ભાયાણી પરિવાર યુ.કે.ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા પણ આપવામાં આવશે અને ઓપરેશન



જરૂરિયતાવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીનદ્વારાઓપરેશન કરીવિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે. અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારનારોગોજેવાકેશ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાનારોગો વગેરેનીસારવાર કરીદવા પણવિનામૂલ્યે આપવામાંઆવશે.

ઉપરોકત સ્થળે બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયછેકેમ્પમાંઉપરોકતતમામસારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પુ. સંત ડો. રતિદાદાએ જણાવાયું છે.

### સમગ્ર પંથકનુ ગૌરવ વધારતી ઘટના

## ખાંભાનાં પ્રજાપતિ સમાજના યુવકે બીએસએફની તાલીમ પૂર્ણ કરી

માદરે વતન ફરતા સ્વાગત કરાયુ



અમરેલી, તા. ૨૩

ખાંભા પ્રજાપતિ સમાજના યુવાન જીગર ધીરૂભાઈ કલસરિયા બીએસએફ તાલીમ પૂર્ણ કરી માદરે વતન પરત ફરતા ખાંભા શહેરમાં હરખ સવાયો જેથી ગ્રામજનોએ અને પ્રજાપતિ સમાજ એ વાજતે ગાજતે સામૈયા અને ફૂલડે વધાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો અને ખાંભા શહેરના યુવાનો વધુમાં વધુ બીએસએફ આર્મી યુવાનો જોડાઈ તેવી ગ્રામજનોએ શુભેચ્છા પાઠવીએ આ ભવ્ય સ્વાગતમાં સંતો મહંતો દ્વારા યુવાનને વધુમાં વધુ પ્રગતિ કરે અને આગળ વધે તેવા આશીર્વાદ આપવામાં આવ્યા હતા તેમજ સામાજિક આગેવાનો રાજકીય આગેવાનો ગ્રામજનો સહિતા ભવ્ય સ્વાગતમાં જોડાયા હતા અને ફુલહાર પહેરાવી ચાલ ઓઢાડી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ યુવાનને બીરદાવા માટે ખાંભા શહેરના રાજકીય આગેવાનો સામાજિક આગેવાનો ગ્રામજનો યુવાનો બહેનો તેમજ પ્રજાપતિ સમાજના આગેવાનો યુવાનો બહેનો સહિત ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનને વધુમાં વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પણ પાઠવી હતી.

### મિશન લાઈફ અંતર્ગત

## અમરેલી નગરપાલિકા દ્વારા વિવિધ જનજાગૃતિ પ્રવૃત્તિઓ કરવામાં આવી

સ્વચ્છતા જાગૃતિ અર્થે રેલી યોજાઈ, પ્લાસ્ટિક વેસ્ટ સામે કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું




અમરેલી, તા. ૨૩

વિ સ્તરે ક્લાઈમેટ ચેન્જની અસરો ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે ભારત સરકારના મિશન લાઈફ (LiFE-Lifestyle for Environment) અભિયાન અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા તેમજ જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે શહેરમાં વિવિધ જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અભિયાન અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક પ્રોસેસિંગ ફેસિલિટી કાર્યરત કરવામાં આવી છે. જેમાં નાગરિકોને એક કિલો પ્લાસ્ટિક કચરા સામે એક કાપડની થેલી તેમજ એક ઈ – વેસ્ટ વસ્તુ સામે બે કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પહેલથી પ્લાસ્ટિક તથા ઈ–વેસ્ટના યોગ્ય નિકાલ સાથે પુનઃઉપયોગને પ્રોત્સાહન મળ્યું છે.તેમજ શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિ માટે સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન ''પ્લાસ્ટિક મુકત શહેર,'' ''સ્વચ્છતા અપનાવો – આરોગ્ય બચાવો'' જેવા સૂત્રોચ્ચાર સાથે નાગરિકોને પર્યાવરણમિત્ર જીવનશૈલી અપનાવવાની અપીલ કરવામાં આવી હતી.આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા, પ્લાસ્ટિક મુકત પર્યાવરણ તથા પર્યાવરણ સંરક્ષણ વિષયક સંદેશાઓ સાથે થીમ આધારિત વોલ પેઈન્ટિંગ દ્વારા નાગરિકોમાં જાગૃતિ ફેલાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મિશન લાઈફ અંતર્ગત અમરેલી નગરપાલિકા કચેરી ખાતે આપણી પરંપરાગત જીવનશૈલી મુજબ પોષણયુકત ખોરાકના મહત્ત્વ અંગે શહેરીજનોમાં જાગૃતિ આવે તે હેતુસર પ્રચાર–પ્રસારની કામગીરી પણ કરવામાં આવી હતી.આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ તથા નોડલ અધિકારી, દુદખિયા તેમજ અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર, વિનોદ રાઠોડના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આ કાર્યક્રમમાં નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મિશન લાઈફના ઉદ્દેશોને સાકાર બનાવ્યા હતા. નગરપાલિકા દ્વારા આવી પર્યાવરણલક્ષી અને જનહિતકારી પ્રવૃત્તિઓ આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

## અમરેલી : શ્રીમતી પી.આર. ધામી પ્રાઈમરી ગર્લ્સ સ્કૂલનાં વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



અમરેલી, તા. ૨૩

અમરેલી શ્રીમતી પી.આર. ધામી પ્રાઈમરી ગર્લ્સ સ્કૂલ શાળાના ૧ થી ૫ ધોરણના વિદ્યાર્થીઓ માટે પાલીતાણા, બગદાણા, ભગુડા, ઉચા કોટડા ખાતે સાંસ્કૃતિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિદ્યાર્થીઓએ આ તમામ સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લઈને આનંદ અને આધ્યાત્મિક અનુભવ મેળવ્યો. શિક્ષકોની દેખરેખ હેઠલ પ્રવાસ શિસ્તબદ્ધ અને સફળ રહ્યો.

## અમરેલીમાં વિકલાંગ સહાયતા કેમ્પ 300 થી વધુ લાભાર્થીઓને સહાય



સાવરકુંડલા, તા.૨૩

આશીર્વાદ વિકલાંગ સહાયતા કેન્દ્ર, સાયલા દ્વારા અમરેલી ખાતે વિશાળ પાયે વિકલાંગ સહાયતા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવસેવા કાર્યક્રમનું માનવ મંદિરના સંત ભક્તિ બાપુના કરકમળે પ્રાગટય કરીને એપચારિક રીતે ખલ્લું મૂકવામાં આવ્યું હતું.આ કેમ્પ દરમિયાન આશરે ૩૦૦થી વધુ વિકલાંગ લાભાર્થીઓને ઉપયોગી સાધન – સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સાયકલ, પગ (કૃત્રિમ અંગ), ચશ્માં, કાનમાં સાંભળવાના ઈયરફોન (હિયરિંગ એઈડ) સહિતની અનેક પ્રકારની સહાય સામગ્રીનો સમાવેશ થાય છે. આ સહાયથી વિકલાંગ લાભાર્થીઓને રોજિંદા જીવનમાં સ્વાવલંબન અને ગતિશીલતા મળશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો.ભક્તિબાપુએ આ પ્રસંગે જણાવ્યું હતું કે માનવસેવાએ જ સાચી ઈશ્વર સેવા છે અને સમાજના નબળા તથા જરૂરિયાતમંદ વર્ગને સહાય કરવી એ દરેકની નૈતિક ફરજ છે.

આશીર્વાદ વિકલાંગ સહાયતા કેન્દ્ર દ્વારા કરવામાં આવતી આ પ્રકારની કામગીરી સમાજ માટે પ્રેરણારૂપ છે.આ કેમ્પથી વિકલાંગ લાભાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી અને આયોજકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

### ગોંડલ ખાતે યોજાયેલ પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ

## અમરેલી : કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ ''યુવા આપદા મિત્ર'' તાલીમમાં અગ્રેસર

વિદ્યાર્થીની નિધિ સોલંકી, નેહા ગોંડલીયા અને રીંકલ નાગવાડીયા અગ્રેસર



અમરેલી, તા. ૨૩

કેન્દ્ર સરકારની નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની 'યુવા આપદા મિત્ર (YAMS)' યોજના અંતર્ગત ગુજરાત રાજ્ય આપતિ વ્યવસ્થાપન સતામંડળ (GSDMA) ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ રાજયના વિવિધ SDRF સેન્ટર ખાતે NSS, NCC અને MYBના સ્વયંસેવકોને આપતિ વ્યવસ્થાપનની 'યુવા આપદા મિત્ર' તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ અંતર્ગત ગોંડલ સ્થિત એસડીઆરએફ –૮ સેન્ટર ખાતે તમામ અમરેલી જીલ્લાની કોલેજોના NSS સ્વયંસેવકોની પરીક્ષા લેવામાં આવેલ. તેમાં કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજના સ્વયંસેવકોને પ્રથમ, દ્વિતીય અને તૃતીષ ક્રમાંક મેળવેલ. SDRFની ટ્રેનિંગમાં પ્રથમ ક્રમે સોલંકી નીધિ સંજયભાઈ, દ્વિતીય નંબરમેળવનાર ગોડલીયા નેહા કાંતિભાઈ અને તૃતીયનંબર મેળવનાર નાગવાડીયા રીકલ કનુભાઈએ પ્રશંસનીય સફળતા મેળવી સંસ્થા અને અમરેલી જીલ્લાનું ગૌરવ વધારેલ છે એ બદલ જીલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, નિયામક ડો. ગિરીશભાઈ ભીમાણી, કોલેજ પ્રિન્સીપાલ ડો. એ.જે. ચંદ્રવાડિયા, NSS પ્રોગ્રામ ઓફિસર ડો. સગુણા મકવાણા તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી શુભકામનાઓ પાઠવી વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## હિપાવડલી ગામે ધારાસભ્યની ગ્રામજનો સાથે સંવાદ મુલાકાત



અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા વિધાન સભાના ધારાસભ્ય મહેશ કસવાળાએ હિપાવડલી ગામની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ધારાસભ્યએ ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધી ગામના સર્વાંગી વિકાસને લઈ મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી.ગામમાં રસ્તા, પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, શિક્ષણ, આરોગ્ય તેમજ અન્ય મૂળભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવવા અંગે ગ્રામજનોએ પોતાના પ્રશ્નો અને સૂચનો રજૂ કર્યા હતા. ધારાસભ્ય મહેશ કસવાલાએ ગ્રામજનોની વાતોને ધ્યાનપૂર્વક સાંભળી અને દરેક મુદ્દે યોગ્ય અને હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે ગ્રામ વિકાસ સરકારની પ્રાથમિકતા છે અને ગામના વિકાસ માટે જરૂરી યોજનાઓ સમયસર અમલમાં આવે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવશે. લોકોની ભાગીદારીથી જ ગામનો સાચો વિકાસ શક્ય બને છે તેમ કહી ગ્રામજનોને વિકાસ પ્રક્રિયામાં સક્રિય રહેવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ શુભેચ્છા મુલાકાતથી ગામના લોકોમાં નવી આશા અને વિશ્વાસનું વાતાવરણ સર્જાયું હતું અને આવનારા સમયમાં એ હિપાવડલી ગામના વિકાસને વધુ ગતિ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.




## જગતાત ગણાતા ખેડૂતો એક સાંધે તો તેર તૂટેની સ્થિતિમાં જ જોવા મળી રહ્યા છે

# નવી ઉપાધિ : ખાંભા પંથકમાં ચણાનાં પાકમાં સુકા નામનાં રોગે દેખા દીધી

**સુકા નામનો રોગ અને લીલી ઈયળોનો ઉપદ્રવ વધતા ચણાનાં પાકને નુકસાનની ભીતિ**

**ખેતીમાં સતત કોઈને કોઈ વિઘ્ન આવી રહ્યું હોય યુવા પેઢી ખેતી છોડવા મજબૂર બને છે**

**ખેતી પ્રધાન દેશમાં ખેતીને લગત તમામ સમસ્યા દૂર કરવામાં નહી આવે તો પરેશાની વધશે**

**કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ, વાવાઝોડા સહિતની અનેક સમસ્યા ખેડૂતોને કરી રહી છે પરેશાન**






અમરેલી, તા. ૨૩

રવિપાકમાં ઓણસાલ ચણાનું મબલખ વાવેતર થયું છે પણ ખેડૂતોની કરમની કઠણાઈ છે કે ખાંભા પંથકના ભાડ, ઉમરીયા, તાતણીયા, ભાણીયા, લાસા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ચણાના વાવેતરમાં સુકા નામનો રોગ અને લીલી ઈયળો આવતા ચણાના પાકને નુકસાન જવાની ભીતિથી ખેડૂતોની પરસેવાની કમાણી પર પાણી ફરી વળે તેવા સમીકરણો સાકાર થતા દેખાઈ રહ્યા છે. ત્યારે શું છે આ સૂકા નામનો ચણાના પાકમાં રોગ અને ઈયળનો ઉપદ્રવ. ખાંભા તાલુકાના ઉમરિયા ગામના ખેડૂતો રવિ પાકના વાવતેરમાં વધુ ચણાનું વાવેતર કર્યુ છે. કર્મની કઠણાઈ આ વર્ષે ઉમરીયા ગામના ખેડૂતોને ચણાના પાકમાં સૂકા નામનો રોગ અને લીલી ઈયળો આવવાથી ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. ચણા પાક ઉપર આવતા સૂકો નામનો રોગ લાગવાના કારણે પાક નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતોને સેવાય રહી છે ને ખાંભાના ભાડ, ઉમરિયા, લાસા, ભાણીયા સહિત ગામના ખેડૂતોને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## આઝાદીનાં લડવૈયાની પ્રતિમાને આઝાદ કરો



અમરેલીનાં પનોતા પુત્ર, આઝાદીનાં લડવૈયા અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી સ્વ. ડો. જીવરાજ મહેતાની પ્રતિમા શહેરનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં લગાવાયા બાદ હંમેશા આ પ્રતિમા ફરતે અવનવી જાહેરાતો અને કાર્યક્રમોનાં હોર્ડિંગ લગાવીને દેશનાં સપુતની પ્રતિમાને આવરણ કરવામાં આવી રહ્યું હોય પાલિકાનાં શાસકોએ પ્રતિમા ફરતે હોર્ડિંગ કે બેનર લગાવનાર વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવી જરૂરી બની છે.

## મનફાવે તેમ વાહનો ચલાવો કે પાર્ક કરો કોઈ પુછવાવાળુ જ નથી

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોક સહિતનાં વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા બની વિકરાળ

**રખડતા પશુઓ જેટલી જ વિકરાળ ટ્રાફિક સમસ્યા બની**




અમરેલી, તા. ૨૩

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોક, ખાદી ભવન ચોક, નાગનાથ બસ સ્ટેન્ડ ચોક, લાયબ્રેરી ચોક, હરિરોડ, બસપોર્ટ, જુના માર્કેટયાર્ડ રોડ સહિતનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં મનફાવે તે રીતે વાહનો ચલાવો, પાર્ક કરો, કેબિન કે રેંકડિયો ઉભી રાખો કોઈ પુછવાવાળ જ નથી.

શહેરીજનો માટે સવાર અને સાંજે પીક અવરમાં શહેરમાં બહાર નીકળવુ મુશ્કેલ બની ગયું છે. વૃધ્ધો, મહિલાઓ જરા પણ ધ્યાન ચુકે એટલે અકસ્માત થયા વિના રહે નહી.

અવારનવાર મીડિયામાં સચિત્ર અહેવાલ પ્રસિધ્ધ થાય છતાં પણ જવાબદાર ટ્રાફિક કે પાલિકા વિભાગ ધ્વારા કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી ન હોય રાજયનાં ગૃહમંત્રી સુધી રજૂઆત કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)